# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ
## અમદાવાદ

परस्परोपग्रहो जीवानाम्

Published On 18th of Every Month

### સંચાલિત માસિક

સળંગ અંક : ૨૦૦

કિંમત રૂા. ૪૦-૦૦

# સમાજ આરસી

ઓગસ્ટ - ૨૦૨૧

વર્ષ - ૧૭








# ક્ષમાનું અમૃત

"ક્ષમાની મહેફિલમાં મસ્તી નથી હોતી<br>
ક્ષમાની સાધના કાંઈ સસ્તી નથી હોતી<br>
ખમવા ખમાવવામાં કાંઈ જબરજસ્તી નથી હોતી<br>
આપો દિલ શત્રુને તો વેરની હસ્તી નથી હોતી."

ક્ષમા એટલે પોતાની ભૂલનો સ્વીકાર અને બીજાની ભૂલની માફી. આ દુષ્કર નહીં પણ અતિ દુષ્કર કાર્ય છે. કારણ કે ભૂલનાં સ્વીકારમાં અહંકારને તોડવો પડે છે. સાંકળને તોડવી હજુ સહેલી છે પણ અહંકારને તોડવો સહેલો નથી.

બીજાની ખામીઓ જોવાને બદલે ખૂબીઓ જોતાં શીખી જવાય તો મૈત્રી - પ્રેમના સંબંધો જળવાઇ રહે. બીજાની ભૂલ ભૂલી જવા યોગ્ય હોવા છતાં એને ભૂલી જવી બહુ જ મુશ્કેલ છે.

સેન્ટ હેલીના ટાપુમાં કેદ કરાયેલો નેપોલીયન શહેનશાહ જ્યારે છેલ્લાં દિવસોમાં પ્રભુને પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે તેના સાગરિતે કહ્યું કે જ્યાં સુધી તું તારા શત્રુને માફી આપી શકતો નથી ત્યાં સુધી તારી પ્રાર્થનામાં કાંઇ સાર નથી. તું એને માફ કરી દે, એની ભૂલને ભૂલી જા, પછી જો પ્રાર્થનામાં કેવી મસ્તી આવે છે. ત્યારે નેપોલીયને કહ્યું કે :

"I can **forgive** him but I can't **forget** him" હું એને માફ કરી શકું છું, પણ હું એને ભૂલી શકતો નથી. જેની ડીક્ષનેરીમાં Impossible શબ્દ ન હતો, તેવો નેપોલીયન પણ બીજાની ભૂલને ભૂલવા શક્તિમાન નથી. માટે જ 'ક્ષમા ધર્મ' પરમ ધર્મ છે છતાં અતિ કઠિન છે. તો ચાલો આપણે...

ક્ષમા ધર્મને અંતરથી આવકારીએ.. દુશ્મનીને દોસ્તીમાં ફેરવીએ..<br>
જીવનને શણગારીએ.. આતમને ઉજાળીએ...

**સ્પીડ બ્રેકર...** માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં તેનું કાર્ય પોતે જ બોલી ઊઠે એમાં જ સિદ્ધિનાં દર્શન થાય છે.


SINCE 1997
Navkar Institute
&
Navkar Digital Institute
Classroom Coaching & Online Video Lectures
CA Foundation
CA Intermediate
CA Final Old and New
All levels of CS Course
US CPA, CMA, UK ACCA
www.navkarinstitute.com
www.navkardigitalinstitute.com
Navkar Public School
&
Navkar Digital School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
Grade 1 to 12 - GSEB & CBSE
Science & Commerce
English & Gujarati Med.
GET IT ON Google Play
NDI
NDS
Download Mobile App
079 69000000 (NI)
079 26304006 (NPS)

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD

PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com
WEB :- www.sanginihospital.com

HOPE LIVES HERE

# SANGINI HOSPITAL

**DR. TAPAN SHAH**
(M) 9825739241

OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 10:00 AM
3:00 PM TO 8:00 PM
Sat. : 1:00 PM TO 2:00 PM

**DR. ATISH SHAH**
MD (PEDIATRICS), GOLD MEDALIST
(M) 9824500452

OPD TIME:
Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

**Dhyana NEONATAL CARE**

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST

ASSOCIATE DOCTORS
DR. CHINTAN RATHOD (M) 9408179541

**DR. HARSH MANIAR**
(M) 9825724348

OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 1:00 PM
5:30 PM TO 6:30 PM
Sat. : 9:00 AM TO 12:00 PM

ASSOCIATE DOCTORS
DR. MAHESH KHAPANDI (M) 9924755228

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

## અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-3

અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**કોરોનાની તમામ સારવાર Tele Consultation, Home Care અને Hospitalization ઉપલબ્ધ.**
**કોરોનાની સારવાર સાણંદ જનતા હોસ્પિટલ તથા અમદાવાદ ખાતે ઉપલબ્ધ છે. સંપર્ક નં. ૯૦૧૬૯૦૨૦૦૬**

SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP



## ડો. હિતેષી એ. શાહ (BDS)

ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- ડહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

| | |
|---|---|
| પેરાન્ટ હાઉસ ડેન્ટલ ક્લિનીક | નરોત્તમ ઝવેરી હોલની સામે, પાલડી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૪૩૦૦૪૫૨ સમય : સવારે ૧૧-૩૦ થી ૨-૦૦ કલાકે |
| નવકાર ડેન્ટલ ક્લિનીક | ૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૮૫૦૦૩૪૫ મો. ૯૮૨૪૩૦૦૫૪૨ સમય : સાંજે ૫-૩૦ થી ૮-૦૦ કલાકે |






દયા એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને
મૂંગા પણ સમજી શકે છે.

# જૈનીઝમ - ૨

## જૈન ધર્મના હાર્દ સમા ઉત્તમ સિધ્ધાંતોને ઘરે બેઠા જાણવાની ઉત્તમ તક

### એક વર્ષનો જૈન ફિલોસોફીનો ઓનલાઇન કોર્ષ - (Zoom ૫૨)

૨ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ આપણા સમાજ તથા જૈન એકેડેમી મુંબઇના સંયુક્ત ઉપક્રમે જૈન ફિલોસીફીના હાર્દ સમા બેઝિક સિધ્ધાંતોને બહુ જ સરળ ભાષામાં સમજાવતાં એક સર્ટીફિકેટ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અભ્યાસુઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. જે તે વિષયના નિષ્ણાત વિદ્વાનોને આમંત્રિત કરીને જૈન કલા, સ્થાપત્ય, સાહિત્ય, નવતત્વ, કાલચક્ર, લોકનું સ્વરુપ વગેરે અનેક વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિજ્ઞાસુઓના જૈન ધર્મને લગતાં પ્રશ્નોનું સમાધાન પણ વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યું હતુ. જૈનીઝમનો પ્રથમ કોર્ષ આપણો સમાજ એટલે કે શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ - SZVS અને જૈન એકેડમી એજ્યુકેશન રીસર્ચ સેન્ટર, મુંબઇના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ. જણાવતાં વિશેષ આનંદ થાય છે કે ઉપરોક્ત બે સંસ્થા સિવાય આ વખતના કોર્ષમાં ઉપર દર્શાવિલા લોગો મુજબ અન્ય ચાર સંસ્થાઓ સાથે જોડાઇ રહેલ છે. એટલે કે નવો શરુ થતા કોર્ષ કુલ ૬ સંસ્થા સાથે મળી આયોજન કરી રહી છે.

- જૈન એકેડમી એજ્યુકેશન રીસર્ચ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ - મુંબઇ
- શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ - અમદાવાદ - SZVS
- જૈન સ્ટડી - મુંબઇ • જૈન ઇન્ડિયા ફાઉન્ડેશન - મુંબઇ
- ભારત જૈન મહામંડળ - મુંબઇ • જૈન જાગૃતિ સેન્ટર - મુંબઇ

ઉપરોક્ત ૬ સંસ્થા સાથે મળી આ કોર્ષમાં સારાયે વિશ્વના જૈન બંધુઓને જોડવાનો પ્રયત્ન કરી શકય તેટલા વધુ સભ્ય પરિવારોનો બીપીનભાઇ તથા અન્ય વિદ્વાનો પાસેથી મળતા જ્ઞાનની સરવાણી પહોંચાડવાનો પ્રયત્ન કરશે.

હવે નવા બે કોર્ષનું અમો આયોજન કરી રહ્યા છીએ. જે લોકો આ અભ્યાસક્રમમાં જોડાવવાનું ચૂકી ગયા હતા અને અમુક અભ્યાસુઓ આ કોર્ષને રીપીટ કરવા માંગે છે તે સર્વે માટે જૈનીઝમ બેઝીક કોર્ષનું ફરી આયોજન કરી રહ્યા છીએ. આ ઉપરાંત આચાર્ય ઉમાસ્વાતિજીના તત્વાર્થ સૂત્ર ગ્રંથના અભ્યાસનું આયોજન કરી રહ્યા છીએ. તત્વાર્થ સૂત્ર એટલે જૈન ધર્મના સિધ્ધાંતોને ઉંડાણથી જાણવા માટે સાગરમાં ડૂબકી મારવાનો પ્રયત્ન...

જૈન "તત્વદર્શન" આ શબ્દ જેટલો અઘરો લાગે છે એટલા જ સરળ અભ્યાસક્રમો ડીઝાઇન કરવામાં આવ્યા છે. આશા રાખીએ કે આ બંને અભ્યાસક્રમોનો જિજ્ઞાસુઓ- ભાવિકો વધુમાં વધુ લાભ લેશે.

**કોર્ષ - ૧ - જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ**
માર્ગદર્શન : ડો. બિપીનભાઇ દોશી

: સંચાલન :
શ્રી જાગૃતિબેન ઘીવાળા - શ્રી કુંદનબેન શાહ
ફી રુ. ૨૦૦૦/-
સમયગાળો - ૧ વર્ષ - (દર શુક્રવારે રાત્રે ૮ થી ૧૦)
લાયકાત : ધો.૧૦મું પાસ

**કોર્ષ - ૨ - તત્વાર્થ સૂત્ર**
માર્ગદર્શન : ડો. બિપીનભાઇ દોશી
મેહુલીબેન કામદાર

: સંચાલન :
શ્રી પ્રીતિબેન શાહ - શ્રી હિનાબેન શાહ
ફી રુ. ૨૦૦૦/-
સમયગાળો- ૧ વર્ષ - (દર સોમવારે રાત્રે ૮ થી ૧૦)
લાયકાત : જૈન ફિલોસોફી સમકક્ષ કોર્ષ કરેલ જરૂરી

આ બંને કોર્ષ સંભવિત તા. ૨-૧૦-૨૦૨૧ થી શરુ કરવામાં આવશે.

**: Course 1 & 2 Link : https://forms.gle/kJcTb37XX9jqgvqn7**

આ બધા અભ્યાસક્રમ Online Zoom App દ્વારા ચલાવવામાં આવશે જેમાં પ્રવેશ માટે આપેલ લીંકમાં ફોર્મ ભરવા.
ખાસ નોંધ : અત્યારે આપે ફક્ત ફોર્મ ભરવાના છે. ફોર્મ મળ્યા બાદ આપને જાણ કરવામાં આવે ત્યારે ત્યારબાદ કોર્ષ ફી જમા કરાવવાની રહેશે.
ટેકનીકલ સંચાલન : શ્રી નિલય શાહ, શ્રી કિંતન ગાંધી

: ઉપરોક્ત બંને કોર્ષ માટે જરુરી માહીતી માટે સંપર્ક :
શ્રી નીરજભાઇ શાહ - (મો) ૯૪૨૬૫ ૪૩૪૮૯ - સમાજની ઓફિસ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫

## અનુક્રમણિકા


૧. સમાજના આગામી કાર્યક્રમો ........ ૦૮
૨. તંત્રીની કલમે ........ ૧૧
૩. પ્રમુખસ્થાનેથી ........ ૧૨
૪. સમાજ સમાચાર ........ ૧૩
૫. જન્મદિવસની શુભેચ્છાઓ ........ ૧૭
૬. લગ્નદિવસની શુભેચ્છાઓ ........ ૧૮
૭. Knowledge Series- Programme 8-9-10નો અહેવાલ ........ ૧૯
૮. પાપથી જે બચશે, દુઃખ તેનાથી દૂર થશે ........ ૨૧
૯. ગુરુ-શિષ્ય શબ્દનો અદ્‌ભુત સમન્વય એટલે શ્રી ગૌતમ સ્વામી ........ ૨૨
૧૦. સમાજની વાર્ષિક સામાન્ય સભાની નોટિસ ........ ૩૯
૧૧. ક્ષમા એક સંજીવની છે, કલ્પવૃક્ષ છે ........ ૪૯
૧૨. પૂ.પુષ્કરમુનિની યોગસાધના સિદ્ધાન્ત ........ ૫૧



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી હિતેશભાઈ બી. સંઘવી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.



**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦


---

## શેષ વિતરણ પાસ

**શ્રીમતી વિમળાબેન જીવણલાલ ચુનીલાલ સંઘવી (ડેરીવાળા)**
**પરિવાર કાયમી શેષ યોજના અન્વયે શેષ વિતરણ**

**તારીખ : તા. ૩૦-૦૮-૨૦૨૧, સોમવાર**

**પાલડી-વાસણા-જીવરાજપાર્ક-વેજલપુર વિસ્તારના સભ્યો માટે શેષ વિતરણ સ્થળ**

**શ્રી ગોપાલ સંપ્રદાય સ્થા.જૈન સંઘ (લીંબડી) સંચાલિત**
માતુશ્રી મણીબેન મહાદેવભાઈ કોઠારી વૈયાવચ્ચ કેન્દ્ર(વાસણા)
બી-૭, દાદા સેકડનાથ સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, નારાયણનગર છેલ્લા બસ સ્ટોપ પાછળ,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ **સમય : ૧૨ થી ૩**

**આ વિસ્તાર સિવાયના બાકીના સભ્યો માટે શેષ વિતરણ સ્થળ**

સમાજની ઓફિસ : શાન્તમ્ કોમ્પલેક્ષ, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રેલ્વે લાઈનની બાજુમાં, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯ **સમય : ૧૨ થી ૫**

**ડુપ્લીકેટ કુપન માટે તા.૧-૯-૨૦૨૧ના રોજ સમાજની ઓફિસે ૩-૦૦ થી ૫-૦૦ દરમ્યાન આવવું.**



પોતાની નમ્રતાનું અભિમાન કરવું
તેનાથી વધુ નિંદાજનક કાંઈ નથી.

# સમાજ દ્વારા બાળકો માટે શરૂ કરવામાં આવી રહેલ કોર્ષ 'Life with Jainisam'

છેલ્લાં દોઢ વર્ષથી કોરોના મહામારીના કારણે સારાયે વિશ્વની ગતિવિધિ જાણે અટકી ગઈ છે તેમાં બાળકોએ સહુથી વિશેષ સહન કરવાનું આવ્યું છે. જેમાં સ્કુલે જવાનું, ધાર્મિક જ્ઞાન મેળવવા પાઠશાળામાં જવાનું વિ.અટકી ગયું છે. તે બાબતને ધ્યાનમાં લઈ ઘરે બેઠાં બાળકો જ્ઞાન સાથે ગમ્મત દ્વારા ધાર્મિક જ્ઞાન ઉપરાંત તેઓના વિકાસ માટે જરૂરી બાબતોને આવરી લેતો કોર્ષ 'Life with Jainisam' Online આયોજન કરી રહ્યા છે જે સારાયે જૈન સમાજના બાળકો માટે ઉપલબ્ધ રહેશે. વધુ ને વધુ બાળકો રજીસ્ટ્રેશન કરાવી આ આયોજનનો લાભ લેશે તેવી આશા છે. જેની વિગત નીચે મુજબ છે.

## 'Life with Jainisam' કોર્ષ Online

: સંચાલન :

**શ્રી મહેશભાઈ સંઘવી - શ્રી નેહલબેન શાહ**

**દર શનિવારે રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ સુધી**

સમયગાળો : ૧ વર્ષ ● ફી રૂા. ૫૦૦/- ● વય મર્યાદા : ૭ થી ૧૩ વર્ષ

**: આ કોર્ષની ખાસ વિશેષતા :**

જીવનમાં ધર્મ ખૂબ જરૂરી છે. બાળકો તેના પાયાના જ્ઞાન સાથે જીવનના વિકાસમાં જરૂરી છે તેવા પરિબળો જેવા કે આત્મવિશ્વાસ, જિંદગીની રેસમાં કેમ ટકી રહેવું, અડગતા, રમતગમતનું મહત્વ વિ.અનેક પાસાને જીવનમાં આત્મસાત કરી શકે તેવા કોર્ષની ડીઝાઈન તૈયાર કરવાનો અમારો પ્રયત્ન છે.

- આ કોર્ષ સંભવિત તા.૨-૧૦-૨૦૨૧થી શરૂ કરવામાં આવશે. (ફેરફારને આધિન)
- અત્યારે ફક્ત એડમીશન ફોર્મ જ ભરવાનું છે. ફી ભરવાની નથી.
- એડમીશન ફોર્મ ભરવા અંગેની લીંક નીચે મુજબ છે.

**Link : https://forms.gle/efkAEuzLoFd2zKA29**

ટેકનીકલ સંચાલન : શ્રી નિલય શાહ, શ્રી કિંતન ગાંધી

: ઉપરોક્ત કોર્ષ માટે જરુરી માહીતી માટે સંપર્ક :

શ્રી નીરજભાઇ શાહ - (મો) ૯૪૨૬૫ ૪૩૪૮૯ - સમાજની ઓફિસ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫



# સંઘશેષ વિતરણ વર્ષ : ૨૦૨૧

સમાજ દ્વારા દર વર્ષે સમાજના સભ્યોને સંઘશેષ વિતરણ કરવામાં આવે છે પરંતુ ગયા વર્ષે કોરોના કાળની મહામારીના સમયમાં સમાજના સભ્યોને સંઘશેષ વિતરણ કરવું શક્ય નહોતું. કાયમી શેષ યોજના અન્વયે આ વર્ષે શ્રીમતી વિમળાબેન જીવણલાલ સંઘવી (ડેરીવાળા) પરિવાર તરફથી સમાજના દરેક સભ્યોને ચુરમાના ૪ લાડુ તથા ૨૫૦ ગ્રામ ફુલવડી સુંદર બોક્ષ પેકીંગમાં નીચે જણાવેલ તારીખ, સ્થળ અને સમયે વિતરણ કરવામાં આવશે.

વર્ષ-૨૦૨૧ના સહાયક દાતા તરીકે નીચે જણાવેલ સર્વે દાતાઓએ રૂ. ૧૫૦૦૦/-નું યોગદાન આપી પોતાનું શુભ નામ નોંધાવેલ છે. તે સર્વે દાતાશ્રીઓનો સમાજ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

(૧) સ્વ.છબીલદાસ શીવલાલ સખીદાસ, સ્વ.કંચનબેન છબીલદાસ સખીદાસ, સ્વ.પ્રમોદભાઈ છબીલદાસ સખીદાસ... હ.કોકિલાબેન છબીલદાસ સખીદાસ
(૨) શ્રીમતી કોકિલાબેન નગીનદાસ શાહ (વોરા)
(૩) શારદાબેન ચંદુલાલ હકાણી
(૪) સ્વ.જયાબેન જેઠાલાલ શાહ હ.જ્યોત્સનાબેન ગીરીશચંદ્ર શાહ પરિવાર (સાણંદ પેટ્રોલપંપવાળા)
(૫) શ્રીમતી તરુલત્તાબેન જયેન્દ્રભાઈ શાહ પરિવાર... હ.ધારાબેન તથા ચાર્મીબેન
(૬) સ્વ.છબીલદાસ શીવલાલ સખીદાસ હ.સુબોધભાઈ છબીલદાસ સખીદાસ પરિવાર
(૭) સ્વ.આશાબેન હર્ષદભાઈ શાહના સ્મરણાર્થે... હ.ડો.હર્ષદભાઈ પ્રભુદાસ શાહ
(૮) હસમુખલાલ હિંમતલાલ શાહ (નાથાભવાન) હ.વસુમતિબેન
(૯) મનુભાઈ મંગળદાસ શાહ (નાથાભવાન)

## પ્લાસ્ટીક બોક્ષના સૌજન્ય દાતા

**ધર્મપ્રેમી કોકિલાબેન ઈન્દુલાલ ભાઈચંદ શાહ પરિવાર (નવકાર ઇન્સ્ટીટ્યુટ)**

હાલની કોરોનાની પરિસ્થિતિ તેમજ સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર આ વર્ષે સમાજ દ્વારા બે જગ્યાએ શેષ વિતરણ કરવાનું નક્કી કરેલ છે જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| પાલડી-વાસણા-જીવરાજપાર્ક-વેજલપુર વિસ્તારના સભ્યો માટે શેષ વિતરણ સ્થળ | આ વિસ્તાર સિવાયના બાકીના સભ્યો માટે શેષ વિતરણ સ્થળ |
|---|---|
| તારીખ : ૩૦-૮-૨૦૨૧, સોમવાર<br>સમય : બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ | તારીખ : ૩૦-૮-૨૦૨૧, સોમવાર<br>સમય : બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ |
| : વિતરણનું સ્થળ : | : વિતરણનું સ્થળ : |
| **શ્રી ગોપાલ સંપ્રદાય સ્થા.જૈન સંઘ (લીંબડી) સંચાલિત**<br>**માતુશ્રી મણીબેન મહાદેવભાઈ કોઠારી વૈયાવચ્ચ કેન્દ્ર(વાસણા)**<br>બી-૭, દાદા રોકડનાથ સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,<br>નારાયણનગર છેલ્લા બસ સ્ટોપ પાછળ,<br>વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન નં. ૦૭૯-૨૬૬૦૧૪૬૭<br>સંપર્ક : શ્રી હિતેશભાઈ બી. સંઘવી (મો.) ૯૮૨૪૦૬૧૩૩૯<br>શ્રી કેલનભાઈ પી. વોરા (મો.) ૯૪૨૬૦૫૫૨૩૪ | **સમાજની ઓફિસ**<br>શાન્તમ્ કોમ્પલેક્ષ,<br>હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રેલ્વે લાઈનની બાજુમાં,<br>નવરંગપુરા,<br>અમદાવાદ-૩૮૦૦૦૯ |

## ખાસ નોંધ :

- શેષ વિતરણની કુપન પાના નં. ૭ અનુક્રમણિકાની નીચે આપવામાં આવેલ છે.
- શેષ વિતરણની કુપન સામે જ ઉપરોક્ત એરિયા મુજબ શેષ આપવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી.
- સંજોગોવસાત આપને સમાજ આરસી ન મળી હોય તો તા.૧-૯-૨૦૨૧ને બુધવારના રોજ સમાજની ઓફિસે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ દરમ્યાન લઈ જવા વિનંતી.
- તા. ૩૦-૮-૨૦૨૧ને સોમવારના દિવસે ડુપ્લીકેટ કુપન બનાવીને શેષ આપવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેવી.
- શેષ લેવા આવનારે માસ્ક ફરજિયાત પહેરવું.
- હાલની સરકારની કોરોના સંદર્ભની ગાઈડલાઈન્સ અન્વયે વધુ વ્યક્તિઓ એક જ જગ્યાએ ભેગાં ન થાય તે આપણા સૌની ફરજ છે તેની દરેક સભ્યોએ તકેદારી રાખવા વિનંતી.



જેની કીર્તિ નષ્ટ થઈ જાય છે તેનું
જીવન જ નષ્ટ થઈ જાય છે.

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત
## ધો. ૧ થી ૯ ઈનામ વિતરણ સમારોહ

આ કોરોનાના કપરા સમયમાં વિદ્યાર્થીઓ હાલ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે અને તે શિક્ષાના આધારે બાળકો પરીક્ષા પણ આપી રહ્યા છે. દર વર્ષે આપણા સમાજના ધો. ૧ થી ૯ના વિદ્યાર્થીઓને ગ્રેડ/ટકાવારીના આધારે પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવે છે. પરંતુ વર્ષ ૨૦૨૦માં આપણે કોરોનાને કારણે ઈનામ વિતરણ સમારોહ યોજી શક્યા નથી.

આ વર્ષે (૨૦૨૧)માં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ મેળવી ઓનલાઈન પરીક્ષા પણ આપવામાં આવી. જે અન્વયે કોરોનાને કારણે ધો.૧ થી ૯ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું. આથી આ વર્ષે તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવા તેમજ સમાજ દ્વારા વિચારણા કરવામાં આવી છે. જો આ વર્ષે તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવે તો જે વિદ્યાર્થી A કે A+ અથવા ૭૦% કે ૭૫% માર્કસ લાવી શકતા નથી તેવા બાળકોને પણ આ ઈનામથી પ્રોત્સાહન મળશે.

## : દાતાની વિગત :

### ધો.૧ થી ૪ પ્રોત્સાહન ઈનામોના દાતા

જયાબેન અરવિંદભાઈ શાહ (સખીદાસ)

### ધો. ૫ થી ૭ પ્રોત્સાહન ઈનામોના દાતા

મૃદુલાબેન હસમુખલાલ દોશી
હ. શ્રી રાકેશભાઈ દોશી, શ્રી યતિનભાઈ દોશી

### ધો. ૮ પ્રોત્સાહન ઈનામોના દાતા

શ્રીમતી મૃદુલાબેન ગીરીશચંદ્ર સંઘવી
હ. શ્રી હિમાંશુભાઈ સંઘવી તથા શ્રી દર્શનભાઈ સંઘવી

### ધો. ૯ પ્રોત્સાહન ઈનામોના દાતા

શ્રીમતી જયશ્રીબેન અશોકભાઈ સંઘવી
હ. જૈમિની નમન સંઘવી તથા હર્ષ સંઘવી

ધો. ૧ થી ૯ના વિદ્યાર્થી કે જેમણે વર્ષ ૨૦૨૧માં પરીક્ષા આપી છે તેઓએ નીચે મુજબ માર્કશીટ સબમીટ કરવાની રહેશે.

- સમાજની મોબાઈલ એપ 'SZVS Jain Samaj' ઉપર જઈ વિદ્યાર્થીની માર્કશીટ/સર્ટીફિકેટ આપે ગુગલ ફોર્મમાં અપલોડ કરવાની રહેશે. જેની લીંક આપને મોબાઈલ એપમાં મળશે.
- ગુગલ ફોર્મની લીંક હોવાથી Gmail ID થી Login કરીને ફોર્મ ભરવાનું રહેશે.
- આ લીંકમાં સભ્યનો જે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર છે તેમણે જ પોતાના બાળકની જ માર્કશીટ અપલોડ કરવાની રહેશે અન્ય કોઈ સભ્યના બાળકની માર્કશીટ તે નંબર પરથી અપલોડ કરવી નહીં.
- વાલીઓએ બાળક દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે.
- વિદ્યાર્થીની માર્કશીટ તા. ૩૧-૮-૨૦૨૧ રાત્રે ૯-૦૦ કલાક સુધી જ અપલોડ કરી શકશો.
- માર્કશીટ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહીં જેની દરેક સભ્યએ ખાસ નોંધ લેવી.
- કોરોના ગાઈડલાઈન અનુસાર સમાજ દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવશે તેની માહિતી વાલીના મોબાઈલ ઉપર Whatsapp/S.M.S. દ્વારા મેસેજથી તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે મુજબ જ ઈનામ આપવામાં આવશે.
- કોરોના ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.
- ફક્ત જુજ સંખ્યામાં ઈનામ વિતરણ કરીશું જે આપ Online તા. ૨૬-૯-૨૦૨૧ સવારે ૯-૩૦ કલાકે Live જોઈ શકશો. તેની Link આપને Whatsapp દ્વારા અથવા તો મોબાઈલ એપ પર મુકવામાં આવશે.

**નોંધ :** હજુ સુધી આપે મોબાઈલ એપ ઈન્સ્ટોલ કરી નથી તો નીચે જણાવેલ લીંક દ્વારા મોબાઈલ એપ ઇન્સ્ટોલ કરવી જરૂરી છે. આપને મોબાઈલ એપ ઇન્સ્ટોલ કરવામાં મુશ્કેલી આવે તો તમારે કસ્ટમર કેર નં. ૯૫૧૨૩૪૦૧૪૪ ઉપર ચાલુ કામકાજના દિવસે સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ દરમ્યાન સંપર્ક કરવો.

**Mobile App Link :**
**Download SZVS Jain Samaj Android App :**
**https://play.google.com/store/apps/details?id=com.app.zvss**
**You can download iOS App using following link :**
**https://apps.apple.com/in/app/szvs-jain-samaj/id1455342067**

ધો.૧ થી ૯ ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ કમિટી



આત્માના અવાજ પ્રમાણે જીવન જીવવાથી
જ કીર્તિ પ્રાપ્ત થાય છે.

# તંત્રીની કલમે



- પ્રીતિ એન. શાહ

આપ સહુ જાણો છો કે આપણા સમાજે લોકડાઉન દરમિયાન ઓનલાઈન જૈન ફિલોસોફીના ઓનલાઈન સર્ટીફિકેટ કોર્ષનું આયોજન કરેલ. આ કોર્ષનું બહુ સરળતાપૂર્વક સંચાલન થયું અને ડો. બિપિનભાઈ દોશી સહિત અન્ય વિદ્વાનોએ લગભગ ૧૫૦ જેટલા અભ્યાસુઓને વિવિધ વિષયોનો સ્વાધ્યાય કરાવ્યો. જૈન ફિલોસોફીનું તત્ત્વદર્શન બહુ જ સરળ ભાષામાં જીવનમાં ઉતારી શકાય એવા દૃષ્ટિકોણથી સમજાવવામાં આવ્યું, સાથે સાથે જૈન ધર્મનો ઇતિહાસ, પરંપરા, જૈન મંદિરોના આર્ટ અને આર્કિટેક્ચર, જૈન મુનિભગવંતોએ રચેલ અદ્‌ભુત સાહિત્યનું પણ પાન કરાવવામાં આવ્યું. અભ્યાસુઓ જ નહીં પણ અમે સહુ પણ શુક્રવારની રાહ જોતા. કારણ કે અઠવાડિયામાં ૧ વાર શુક્રવારના રોજ રાત્રે ૮ થી ૧૦ના સ્વાધ્યાયનો સમય રહેતો. માત્ર બહારી ક્રિયાઓ કરવાથી ધર્મ થતો નથી પરંતુ આંતરિક શુદ્ધિ-ભાવ પણ નિર્મળ હોવા જરૂરી છે. આ ભાવશુદ્ધિ કઈ રીતે આવી શકે, વિશ્વ શેનું બનેલું છે, પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ જેવા તત્ત્વો શું ભાગ ભજવે છે, કર્મ બંધ, સંવર, આશ્રવ-નિર્જરા, સમયચક્રના કયા સમયમાં શું હોય છે ? લોકના સ્વરૂપનો સમજણ વગેરે અનેક વિષયનોનું તત્ત્વદર્શન અભ્યાસુઓ માટે રસપ્રદ બની રહ્યું. આપણને જૈન ધર્મ મળ્યો છે તો જૈન ફિલોસોફીની સાચી સમજ મળે એ બહુ જરૂરી છે. આ કોર્ષની બીજી બેચની જાહેરાત સમાજ દ્વારા હવે પછી કરવામાં આવશે, કારણ કે પહેલી બેચ પછી તરત જ બીજી બેચ માટે માંગણીઓ આવવા લાગી હતી.

કીડી જેવા દેખાતા સૂક્ષ્મજીવો તેમજ કંદમૂળ, વનસ્પતિ કે પાણીના દેખાતા જીવો તરફની જીવદયા મૂળથી જૈનધર્મમાં તો છે જ પણ હવે પછીની પેઢીને આટલેથી ધર્મ તરફ વાળવી કે ભગવાન મહાવીરની અહિંસાની સમજ આપવું અઘરૂ છે. મા-બાપ ઘણીવાર સવાલો કરે છે કે મારા સંતાનોને આ તરફ વાળવા શું કરવું ? કારણ કે તપ, દ્રવ્ય, કાયોત્સર્ગ, દેહદમન, રાત્રિભોજન ત્યાગ વગેરે બાબતો નવી પેઢી નહીં સ્વીકારે. આજની પેઢીના સવાલોના જવાબ એમના પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં ન આવે તો એમને આ વાતો ગળે ઉતરવાની નથી. આજના ધર્મચાર્યો ખરેખર આ બાબતે જાગૃત થઈને યુવાનો સુધી પહોંચી રહ્યા છે એનો આનંદ છે. જૈન ધર્મ ખાબોચિયામાં બંધાઈને રહે તેવો નથી. એના અર્થ અનંત છે, વિશાળ છે. કીડી જેવા જીવજંતુની જતના કરતો ધર્મ શોષણ, કાળાબજાર, છેતરપીંડી કરે તે યોગ્ય નથી. બાહરી ક્રિયાઓ જરૂરી તો છે જ પણ એ વ્યવહાર શુદ્ધિ આંતરિક શુદ્ધિથી જ આવે છે. જ્યાં સુધી આંતરિક શુદ્ધિ નહીં થાય ત્યાં સુધી આપણે સાચા જૈનત્વ સુધી પહોંચી શકવાના નથી.

પર્યુષણ મહાપર્વ જ્યારે નજીક આવી રહ્યો છે ત્યારે આંતરિક અવગુણોને દૂર કરી શકીશું ? થોડી બહિર્યાત્રા ઓછી થશે તો ચાલશે પણ અંતરયાત્રા જરૂર કરવી જોઈએ. હિંદુ ધર્મ અને બીજા ધર્મો 'રીલીજીયન' શબ્દ વાપરે છે એનો અર્થ છે જોડાણ. પરમાત્મા સાથેનું જોડાણ એટલે એક દૃષ્ટિએ યોગનું સ્વરૂપ ગણી શકાય પરંતુ ભગવાન મહાવીર અયોગી કહેવાયા. કારણ ભગવાન કહે છે ક્યાંય કોઈ જોડાણ કરવાનું નથી. બધું જ આપણી અંદર છે. માત્ર એના ઉપર લાગેલ રજ દૂર કરવાની છે. જોડાણ તોડવાનું છે. બાહરી પદાર્થો સાથે તો જ આત્મસ્વરૂપ દેખાશે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન જ્યારે મૃત્યુશૈયા પર હતા ત્યારે ડોક્ટરે એમને પૂછ્યું કે, 'તમે આટલી બધી વૈજ્ઞાનિક શોધ કરી, લગભગ જગત આખાનો અભ્યાસ કર્યો તો ફરી નવા જન્મમાં તમે ફરી વૈજ્ઞાનિક બનવાનું પસંદ કરશો ?' આલ્બર્ટ આઈન્સ્ટાઈને જવાબ આપ્યો કે, 'હું ફરી વૈજ્ઞાનિક બનવાનું પસંદ નહીં કરું કારણ કે જ્યારે હું મૃત્યુ પામીશ ત્યારે મારા શરીરને તમે દફનાવી દેશો. મારા શરીરને ચેતનવાળુ રાખનાર જે તત્ત્વ છે એ તત્ત્વની શોધ કરવાની જ મારે રહી ગઈ.'

ચેતન તત્ત્વ આત્માના મૂળ ગુણોનું સ્વરૂપ આપણે સમજીએ. વધુમાં વધુ સમતા, સંવર, સંયમને ધારણ કરીએ એ જ પર્યુષણ પર્વ નિમિત્તે અભ્યર્થના.

કવિ નરસિંહરાય દિવેટીયાની પંક્તિ સાથે લેખનું સમાપન કરીએ,

*ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,*<br>
*વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વે,*<br>
*મારે આજ થકી નવું પર્વ... પ્રેમળ જ્યોતિ...*<br>
*તારો દાખવી મુજબ જીવનપથ ઉજાળ.*

(M) 81411 99064

## મિચ્છામિ દુક્કડમ્



**સમાજની કામગીરી દરમિયાન**<br>
**જાણતાં-અજાણતાં કોઈ પણ સભ્યને**<br>
**દુઃખ પહોંચ્યું હોય,**<br>
**મન દુઃખ થયું હોય તો સમાજની**<br>
**કમિટીના સર્વે હોદ્દેદારો તથા કમીટી**<br>
**સભ્યો તથા ઓફિસ સ્ટાફના**<br>
**આપ સૌને મિચ્છામિ દુક્કડમ્.**



પ્રતિષ્ઠા મેળવવાં વર્ષો મહેનત કરવી પડે છે જ્યારે કલંક એક ક્ષણમાં જ લાગી જાય છે.

## પ્રમુખસ્થાનેથી



- ઉમેશ એન. દોશી

# જૈનીઝમ
# મિચ્છામિ દુક્કડમ

પર્યુષણ મહાપર્વ તા. ૪ સપ્ટે.થી શરૂ થઈ રહ્યા છે. ગયા પર્યુષણ તો સંપૂર્ણપણે કોરોના મહામારીમાં ગયા. જેથી સંત-સતીજીના દર્શન, વ્યાખ્યાન-વાંચણી તેમજ અન્ય અનુષ્ઠાનોથી સહુ વંચિત રહ્યા. સંવત્સરીક પ્રતિક્રમણ પણ ઉપાશ્રયમાં સમૂહમાં ન કરી શક્યા. ખેર ! વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. કોરોનાની ત્રીજી લહેર અંગેની ચર્ચાઓ ચાલી રહી છે પરંતુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેનાથી માનવજાત બચી શકે અને આપણે સહુ યથાયોગ્ય ધર્મકરણી કરી શકીએ. ક્ષમાપનાના આ મહાપર્વ પ્રસંગે સમાજના સહુ સભ્ય પરિવારોને અંગત રીતે મારા તરફથી, મારા સાથી કમિટી સભ્યો કે સ્ટાફ તરફથી જાણતાં અજાણતાં મનદુઃખ થયું હોય, દિલ દુભાયું હોય તો અમારા સહુ તરફથી નાના-મોટા સહુને અંતઃકરણપૂર્વક ખમાવું છું.

હવે સમાજ દ્વારા ચાલી રહેલ જૈનીઝમના કોર્ષ અંગે થોડી વાત કરવા માંગું છું. જૈન એકેડેમી એન્ડ રીસર્ચ સેન્ટર મુંબઈના સહયોગથી જૈન સમાજના આદરણીય વિદ્વાન ડો.શ્રી બીપીનભાઈ દોશીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ આપણા સમાજ દ્વારા 'બેઝીક જૈનીઝમ કોર્ષ' - જૈનીઝમના પાયાના સિદ્ધાંતોની જાણકારી આપતો કોર્ષ તા. ૨ ઓક્ટો.૨૦૨૦ થી શરૂ કરવામાં આવ્યો છે જે તા. ૨૦-૮-૨૦૨૧ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. કુલ રજિસ્ટ્રેશન ૧૮૬ સભ્યો. હાજરીમાં વધઘટ રહ્યા બાદ છેલ્લે સુધી લગભગ ૧૩૦ થી ૧૪૦ સભ્યોની હાજરી કોર્ષ પ્રત્યે જોડાનાર સભ્યો (અભ્યાસુઓનો) લગાવ દર્શાવે છે. આ કોર્ષ સમાજના સભ્યો પૂરતો મર્યાદિત રાખેલ ન હતો. સમગ્ર જૈન સમાજ અને ગમે તે સ્થળેથી સભ્યોએ રજી. કરાવેલ. જેમાં ગુજરાત ઉપરાંત ભારતના અન્ય સ્થળોએથી અને દુબઈ-અબુધાબી-યુ.એસ.એ. વિ. સ્થળોએથી અભ્યાસુઓ જોડાયેલ અને કોર્ષના દરેક લેક્ચરને ખૂબ સુંદર રીતે માણેલ અને તેના હાર્દને સમજવાનો પ્રયત્ન કરેલ. ડો.બીપીનભાઈ દોશીની ખૂબ જ સરળ શૈલીમાં રજુઆત, સમજાવવાની પદ્ધતિ સહુને ખૂબ જ આકર્ષી ગઈ. તેમજ તેમના દ્વારા અન્ય જે તે વિષયના નિષ્ણાંતોને આમંત્રિત કરી અલગ અલગ વિષયો ઉપર સભ્યોને ખૂબ જ સુંદર જ્ઞાનવર્ધક માહિતી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા.

હવે, ખાસ જણાવવાનું કે આ કોર્ષની સફળતાથી અને કોર્ષમાં જોડાનાર સભ્યોની માંગણીને ધ્યાનમાં રાખી અન્ય ૨ કોર્ષ પર્યુષણ બાદ સમાજ તથા જૈન એકેડેમી એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા સંયુક્ત શરૂ કરવામાં આવી રહ્યા છે. જેની વિગતવાર માહિતી આ અંકમાં આપવામાં આવેલ છે.

૧. જૈનીઝમ ફિલોસોફી બેઝીક કોર્ષ : હાલમાં પૂરો થયેલ કોર્ષ ફરી રીપીટ કરી રહ્યા છીએ.

૨. તત્ત્વાર્થ સૂત્ર : જૈનીઝમના પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને ખૂબ જ ઊંડાણથી-વિસ્તૃત રીતે સમજાવતો કોર્ષ.

ઉપરોક્ત બે કોર્ષ ઉપરાંત સમાજ દ્વારા બાળકોને ધાર્મિક જ્ઞાન ઉપરાંત જીવનમાં વિકાસ માટે જરૂરી બાબતોને આવરી લેતો કોર્ષ 'Life with Jainism' શરૂ કરી રહ્યા છીએ.

આ ત્રણે કોર્ષ Online શરૂ થઈ રહ્યા છે. આ ત્રણે કોર્ષ સમગ્ર જૈન સમાજ માટે અને કોઈપણ સ્થળેથી રજી. કરી શકે તે રીતે તે શરૂ કરવામાં આવી રહ્યા છે. સામાજિક કાર્યો તો બધી જ સામાજિક સંસ્થાઓ કરતી હોય છે પણ જૈનીઝમના સિદ્ધાંતોને સમજાવતા કોર્ષ દ્વારા આવી પ્રવૃત્તિ કરવાનો પુણ્ય કમાવાનો મોકો મળ્યો તે બદલ હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું અને આ માટે ડો.બીપીનભાઈ દોશીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. આ આપણા સમાજ માટે ખૂબ જ ગૌરવની બાબત છે.

હવે આપણા રોજિંદા જીવનમાં જૈન ધર્મના સિદ્ધાંતો સચવાય તે બાબતની જરૂરી કાળજી અથવા તો સભાનતા રાખવા અંગે અનુભવેલ તેમજ અન્ય પાસેથી મળેલ માહિતી/વાંચન દ્વારા જરૂરી બાબત પર્યુષણના અનુસંધાનમાં જણાવવા માંગુ છું.

વર્ષો પહેલાં જ્યારે હું ટ્રેડીંગ એજન્સીઝ વ્યવસાયમાં સંકળાયેલ હતો ત્યારે અવારનવાર કું.ના ઓફિસર્સ/Customers સાથે જમવા જવાનું બનતું. મોટા ભાગે તેઓ ગુજરાત બહારના રહેતા. નોનવેજ ફુડ તેમનો સામાન્ય આહાર રહેતો. એકવાર શરમથી તેમના માન ખાતર Combine હોટલમાં જવાનું બન્યું અને તેઓએ તેનો ઓર્ડર આપ્યો. પરંતુ વિવેકપૂર્વક-મક્કમતાથી તે બીલ ચુકવવાની મેં ના પાડી દીધી અને મારી ધાર્મિક ભાવના સમજાવી. તેઓ સમજી ગયા અને ત્યારબાદ ગમે તે પરિસ્થિતિમાં અને ગમે તે વ્યક્તિ હોય લંચ/ડીનર માટે ફક્ત Veg. હોટલમાં જ જવું તે નક્કી કરી લીધું. વ્યાપારી ક્ષેત્રે અને ખાસ કરીને કોર્પોરેટ બિઝનેસમાં આ પ્રકારના સંજોગો ઊભા થવાના ચાન્સીસ રહે છે. ત્યારે મક્કમતાથી નોનવેજ ફુડ/ડ્રીંકનું પેમેન્ટ હું નહીં કરૂં તેવો નિયમ કરવો જરૂરી છે તેવા મારો દરેકને અનુરોધ છે - વિનંતી છે. સંસારમાં પૈસા કમાવા ખૂબ અગત્યનું છે વ્યવહાર સાચવવા પણ જરૂરી હોય છે. પણ સાથે સાચા જૈન તરીકે અહિંસાના ભાવ સાચવવા અને હિંસાત્મક કાર્યને - ખાણીપીણી કે વ્યવસાયમાં આપણા થકી પ્રોત્સાહન ન મળે, આપણે તેના નિમિત્ત ન બનીએ તેની કાળજી પણ અત્યંત જરૂરી છે.

મારી આ રજુઆત કોઈને કદાચ ન ગમે કે મન દુભાયું હોય તો તે સર્વે મારા મિચ્છામિ દુક્કડમ.

**શું કરવું તે વિચારવું જરૂરી છે**
**'વ્યવહારિકતા કે અહિંસા પ્રત્યે સજાગતા.'**



પોતાનું કામ નિષ્ઠાપૂર્વક પ્રીતિથી કરવું
એ પણ પ્રભુની પ્રાર્થના જ છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૧ થી તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે)<br>રસીદ નં. ૩૮૪૪ થી ૩૮૪૬, ૩૮૬૪ થી ૩૮૬૬, ૩૮૭૩ થી ૩૮૭૬, ૩૮૮૨ થી ૩૮૮૪, ૩૮૯૭ થી ૩૮૯૯, ૩૯૧૩ થી ૩૯૧૬, ૩૯૩૧ થી ૩૯૩૪, ૩૯૪૫ થી ૩૯૪૭, ૩૯૬૪ થી ૩૯૬૬ | ૧,૦૦,૦૦૦/- |
| ૩૯૫૪ થી ૩૯૬૦ | પદમાબેન ધીરજલાલ સંઘવી પરિવાર - સમાજની ઓફિસમાં ફોટો મુકવાની યોજના અન્વયે<br>પદમાબેન ધીરજલાલ સંઘવીનો ફોટો-૧ (સમાજવિકાસ ફંડ ખાતે) | ૫૧,૦૦૦/- |
| ૩૮૫૨ | ચુનીલાલ જીવણલાલ દોશી પરિવાર હ.વિનોદભાઈ દોશી (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ ફંડ ખાતે) (વર્ષ : ૨૦૧૯-૨૦, વર્ષ : ૨૦૨૦-૨૧) | ૨૦,૦૦૦/- |
| ૩૮૭૧ | કુમુદબેન ભરતભાઈ સંઘવી - હિરેન ભરતભાઈ સંઘવીના પુત્ર ચિં.મીત સંઘવી Symbosis Puneથી MBA Financeની ડિગ્રી મેળવી તેની ખુશાલી નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૩૮૭૨ | કુમુદબેન ભરતભાઈ સંઘવી - બીજલબેન મનિષભાઈ મોદીના પુત્ર ચિં.વૃતાંત મોદી IIM Udaipurથી MBAની ડિગ્રી મેળવી તેની ખુશાલી નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૩૯૬૭ અને ૩૯૬૮ | સુરેશભાઈ શિવલાલ વોરા, મંજુલાબેન સુરેશભાઈ વોરા (માનવરાહત ફંડ, શૈક્ષણિક સહાય ખાતે) | ૧૧૦૦૦/- |
| ૩૮૪૮ અને ૩૮૪૯ | દિપકભાઈ જયંતિલાલ હકાણી, નિલમબેન દિપકભાઈ હકાણી વર્ષ : ૨૦૨૧-૨૨, એજ્યુકેશન નોટબુક : ચંદુલાલ નાગરદાસ હકાણી, શારદાબેન ચંદુલાલ હકાણી ફોટા-૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૦૦૦૦/- |
| ૩૯૪૮ | કેલનભાઈ પ્રવિણચંદ્ર વોરા<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ ફંડ ખાતે) (વર્ષ : ૨૦૨૧-૨૨) | ૧૦૦૦૦/- |
| ૩૯૪૯ | પ્રભાવતીબેન કિશોરચંદ શાહ : વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : કિશોરચંદ લાલચંદભાઈ શાહ, પ્રભાવતીબેન કિશોરચંદ શાહ, રમેશભાઈ કિશોરચંદ શાહ, જીતેન્દ્રભાઈ કિશોરચંદ શાહ ફોટા-૪<br>(શૈક્ષણિક સહાય ખાતે) | ૧૦૦૦૦/- |
| ૩૮૭૦ | જીતેન્દ્રભાઈ હસમુખભાઈ સંઘવી વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : પુરીબેન ત્રિભોવનદાસ સંઘવી, હસમુખલાલ ત્રિભોવનદાસ સંઘવી, ઉર્મિલાબેન હસમુખલાલ સંઘવી, ચંદુલાલ છોટાલાલ ગાંધી, જસવંતીબેન ચંદુલાલ ગાંધી ફોટા-૫ (શૈક્ષણિક સહાય ખાતે) | ૭૫૦૦/- |
| ૩૯૭૨ | કોકિલાબેન છબીલદાસ સખીદાસ - વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : છબીલદાસ શીવલાલ સખીદાસ, કંચનબેન છબીલદાસ સખીદાસ, પ્રમોદભાઈ છબીલદાસ સખીદાસ : ફોટા : ૩ (શૈક્ષણિક સહાય ખાતે) | ૭૫૦૦/- |
| ૩૮૫૯ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી : સાધર્મિક વિધવા સહાય યોજના અન્વયે, જુલાઈ : ૨૦૨૧<br>(માનવરાહત ફંડ ખાતે) | ૭૦૦૦/- |
| ૩૮૬૦ | અર્પિતભાઈ નરેન્દ્રભાઈ દોશી : સાધર્મિક વિધવા સહાય યોજના અન્વયે, જુલાઈ : ૨૦૨૧<br>(માનવરાહત ફંડ ખાતે) | ૭૦૦૦/- |
| ૩૮૬૧ | પારસભાઈ નરેન્દ્રભાઈ દોશી : સાધર્મિક વિધવા સહાય યોજના અન્વયે, જુલાઈ : ૨૦૨૧<br>(માનવરાહત ફંડ ખાતે) | ૭૦૦૦/- |
| ૩૯૩૫ | મનસુખલાલ રાયચંદ વસાણી, સવિતાબેન મનસુખલાલ વસાણી વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : જાહેરાત પેટે (શૈક્ષણિક સહાય ખાતે) | ૬૦૦૦/- |
| ૩૮૭૮ | ધર્ણેન્દ્રભાઈ ચંપકલાલ ગાંધી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૩૯૨૬ | શૈલેષભાઈ છોટાલાલ શાહ - વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : છોટાલાલ શીવલાલ શાહ, મંજુલાબેન છોટાલાલ શાહ : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૦૦૦/- |
| ૩૯૫૩ | કેતનભાઈ નરેશભાઈ ગાંધી - વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : નરેશભાઈ શાંતિલાલ ગાંધી, ઉર્મિલાબેન નરેશભાઈ ગાંધી : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૦૦૦/- |
| ૩૯૭૦ | ધોળકીયા પરિવાર - વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : બિપીનચંદ્ર નંદલાલ ધોળકીયા, મંજુલાબેન બિપિનચંદ્ર ધોળકીયા : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૦૦૦/- |
| ૩૮૮૭ | મિલેશકુમાર પ્રવિણચંદ્ર શાહ - સુપુત્ર ચિ.કુંજનું સગપણ મુ.વઢવાણ હા.સુરેન્દ્રનગર શ્રી સંજયકુમાર રમણીકલાલ ગાંધીની સુપુત્રી ચિ.હાર્દિ સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૩૦૦૫/- |



વ્યક્તિના શ્રેષ્ઠ ગુણોને વિકસાવવાનું કામ કરતી
વિદ્યા એટલી ભક્તિ.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૧ થી તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૩૮૮૭ | સંજયકુમાર રમણીકલાલ ગાંધી - સુપુત્રી ચિ.હાર્દિનું સગપણ મુ.સાણંદ હા.અમદાવાદ શ્રી મિલેશકુમાર પ્રવિણચંદ્ર શાહના સુપુત્ર ચિ.કુંજ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૩૦૦૫/- |
| ૩૮૯૨ | નરેન્દ્રકુમાર હરગોવિંદદાસ ગોપાણી : વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : હરગોવિંદદાસ લાલચંદ ગોપાણી, કમળાબેન હરગોવિંદદાસ ગોપાણી ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩૦૦૦/- |
| ૩૯૩૮ | ડો.પ્રકાશભાઈ ધીરજલાલ દોશી : વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : ધીરજલાલ ભુદરદાસ દોશી, કાંતાબેન ધીરજલાલ દોશી ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩૦૦૦/- |
| ૩૯૨૦ | વિનયભાઈ જમનાદાસ સંઘવી - સુપુત્ર ચિં.આલાપનું સગપણ મું.લીંબડી હા.અમદાવાદ શ્રી ચિરાગભાઈ જયસુખભાઈ સંઘવીની સુપુત્રી ચિં.વૃદ્ધિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૫૦૫/- |
| ૩૯૨૧ | ચિરાગભાઈ જયસુખભાઈ સંઘવી - સુપુત્રી ચિં.વૃદ્ધિનું સગપણ મુ.વઢવાણ હા.અમદાવાદ શ્રી વિનયભાઈ જમનાદાસ સંઘવીના સુપુત્ર ચિ.આલાપ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૫૦૫/- |
| ૩૯૪૦ | જ્યોતિબેન કૌશિકભાઈ સંઘવી વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : કૌશિકભાઈ નાનચંદભાઈ સંઘવી ફોટો : ૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૨૫૦૦/- |
| ૩૯૨૨ | કમલભાઈ વિનોદચંદ્ર ધોળકીયા - સુપુત્ર ચિં.કેવિનનું સગપણ મુ.મોરબી હા.મુંબઈ(કાંદિવલી) શ્રી સુભાષભાઈ ખુશાલચંદ મહેતાની સુપુત્રી ચિં.હીનલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૧૦૫/- |
| ૩૯૦૫ | નિખિલભાઈ મહાસુખલાલ કોઠારી - સુપુત્ર ચિ.રૂત્વીજનું સગપણ મુ.ગઢડા હા.અમદાવાદ શ્રી પરેશભાઈ પ્રભુદાસભાઈ વોરાની સુપુત્રી ચિં.વિધિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૦૦૫/- |
| ૩૯૦૬ | પરેશભાઈ પ્રભુદાસભાઈ વોરા - સુપુત્રી ચિ.વિધિનું સગપણ મુ.ગોંડલ હા.અમદાવાદ શ્રી નિખિલભાઈ મહાસુખલાલ કોઠારીના સુપુત્ર ચિ.રૂત્વીજ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૦૦૫/- |
| ૩૯૧૮ | શશીકાંતભાઈ હિંમતલાલ સંઘવી - સુપુત્ર ચિ.વિરલનું સગપણ મુ.શેખપર હા.સુરેન્દ્રનગર શ્રી ચંન્દ્રકાંતભાઈ વાડીલાલ શાહની સુપુત્રી ચિં.અવધિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૦૦૧/- |
| ૩૯૦૧ | ધીરેનભાઈ નટવરલાલ શાહ - સુપુત્ર ચિં.શિલનું સગપણ મુ.ભારદ હા.અમદાવાદ શ્રી ઉદયભાઈ પ્રેમચંદ જોષીની સુપુત્રી ચિં.સૃષ્ટિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૭૫૬/- |
| ૩૯૦૨ | ઉદયભાઈ પ્રેમચંદ જોષી - સુપુત્રી ચિં.સૃષ્ટિનું સગપણ મુ.સેજકપુર હા.અમદાવાદ શ્રી ધીરેનભાઈ નટવરલાલ શાહના સુપુત્ર ચિં.શિલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૭૫૬/- |
| ૩૮૫૭ | યોગેશભાઈ રમણિકલાલ વોરા - સુપુત્ર ચિં.હેમલનું સગપણ મુ.ખાટડી હા.વિરમગામ શ્રી ભુપેન્દ્રભાઈ મનસુખલાલ દોશીની સુપુત્રી ચિં.રૂચિતા સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૬૦૫/- |
| ૩૮૫૮ | ભુપેન્દ્રભાઈ મનસુખલાલ દોશી - સુપુત્રી ચિં.રૂચિતાનું સગપણ મુ.વઢવાણ હા.અમદાવાદ શ્રી યોગેશભાઈ રમણિકલાલ વોરાના સુપુત્ર ચિં.હેમલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૬૦૫/- |



હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જો રે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૧ થી તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૩૯૨૩ | સુભાષભાઈ ખુશાલચંદ મહેતા - સુપુત્રી ચિં.હીનલનું સગપણ મુ.વઢવાણ હા.અમદાવાદ શ્રી કમલભાઈ વિનોદચંદ્ર ધોળકીયાના સુપુત્ર ચિં.કેવિન સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૫૦૫/- |
| ૩૯૩૬ | કલ્પેશભાઈ હરગોવિંદદાસ ગાંધી વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : રંજનબેન હરગોવિંદદાસ ગાંધી ફોટો-૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૫૦૦/- |
| ૩૯૩૭ | સૂર્યકાંતભાઈ બાબુલાલ શાહ વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : અતુલભાઈ બાબુલાલ શાહ ફોટો-૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૫૦૦/- |
| ૩૯૬૯ | રશ્મિકાંતભાઈ મહાસુખલાલ શેઠ વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : લીલાવતીબેન મહાસુખલાલ શેઠ ફોટો-૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૫૦૦/- |
| ૩૯૭૧ | જીગ્નેશભાઈ હિંમતલાલ શાહ વર્ષ : ૨૦૨૧-૨૨ એજ્યુકેશન નોટબુક : ઝવેરીબેન હિંમતલાલ શાહ ફોટો-૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૫૦૦/- |
| ૩૯૧૯ | ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહ - સુપુત્રી ચિં.અવધિનું સગપણ મું.લિમડી હા.અમદાવાદ શ્રી શશીકાંતભાઈ હિંમતલાલ સંઘવીના સુપુત્ર ચિં.વિરલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૧૫૫/- |
| ૩૯૪૩ | પ્રકાશચંદ્ર ફુલચંદભાઈ શાહ - સુપુત્ર ચિં.વિશાલનું સગપણ મુ.મોરીયા હા.અમદાવાદ શ્રી રાજેન્દ્રકુમાર મોહનલાલ પંચાલની સુપુત્રી ચિં.જીનલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૦૦૨/- |
| ૩૯૫૦ | સ્વ.રવિન્દ્રભાઈ જમનાદાસ શાહ - સુપુત્ર ચિં.હિતેષનું સગપણ મુ.વડોદરા હા.અમદાવાદ શ્રી અરવિંદસિંહ રતિલાલ ગોહિલની સુપુત્રી ચિં.હેતલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (તબીબી યોજના, સગપણ લાગા ખાતે) | ૧૦૦૨/- |
| ૩૯૫૧ | અરવિંદસિંહ રતિલાલ ગોહિલ - સુપુત્રી ચિં.હેતલનું સગપણ મુ.લીંમડી હા.અમદાવાદ સ્વ.રવિન્દ્રભાઈ જમનાદાસ શાહના સુપુત્ર ચિં.હિતેષ સાથે કર્યું તે શુભ પ્રસંગે (તબીબી યોજના, સગપણ લાગા ખાતે) | ૧૧૫૫/- |
| ૩૮૬૯ | દિનેશભાઈ રતિલાલ ધોળકીયા - સુપુત્રી ચિં.જુહીનું સગપણ મુ.સરદવ હા.અમદાવાદ શ્રી જયંતિભાઈ રસિકભાઈ શાહના સુપુત્ર ચિં.વિવેક સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૦૦૧/- |
| ૩૯૬૧ | હરજીવનદાસ સુખલાલ શાહ - સ્વ.સુશીલાબેન જયંતિલાલ શાહની ૧૭મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૧-૮-૨૦૦૪ (માનવરાહત, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૩૮૭૯ | રશ્મિકાંતભાઈ અમૃતલાલ શાહ - સુપુત્ર ચિં.રવિનું સગપણ મુ.સાયલા હા.અમદાવાદ શ્રી રજનીકાંતભાઈ રમણલાલ ગોપાણીની સુપુત્રી ચિં.પ્રીયંકા સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સગપણ લાગા ખાતે) | ૭૫૨/- |
| ૩૮૮૦ | રજનીકાંતભાઈ રમણલાલ ગોપાણી - સુપુત્રી ચિં.પ્રીયંકાનું સગપણ મુ.લીંબડી હા.અમદાવાદ શ્રી રશ્મિકાંતભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર ચિં.રવિ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સગપણ લાગા ખાતે) | ૭૫૨/- |
| ૩૮૬૮ | જયંતિભાઈ રસિકભાઈ શાહ - સુપુત્ર ચિં.વિવેકનું સગપણ મુ.વઢવાણ હા.સુરેન્દ્રનગર શ્રી દિનેશભાઈ રતિલાલ ધોળકીયાની સુપુત્રી ચિં.જુહી સાથે કર્યું તે શુભ પ્રસંગે (સગપણ લાગા ખાતે) | ૫૦૧/- |
| ૩૯૪૪ | રાજેન્દ્રકુમાર મોહનલાલ પંચાલ - સુપુત્રી ચિં.જીનલનું સગપણ મુ.સાણંદ હા.અમદાવાદ શ્રી પ્રકાશભાઈ ફુલચંદભાઈ શાહના સુપુત્ર ચિં.વિશાલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (સગપણ લાગા ખાતે) | ૫૦૧/- |
| ૩૮૪૭ | સુબોધભાઈ ચંદુલાલ દોશી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૩૯૨૪ | નરેશભાઈ ખીમચંદભાઈ દોશી (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦/- |

## તા. ૦૧-૦૭-૨૦૨૧ થી તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૩૮૭૭, ૩૮૯૬, ૩૯૦૮, ૩૯૧૦, ૩૯૨૭, ૩૯૩૦, ૩૯૪૨, ૩૯૫૨ |
| સમાજ આરસી લવાજમ | ૩૮૮૧, ૩૯૦૩, ૩૯૦૭, ૩૯૧૭, ૩૯૩૯, ૩૯૪૧ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલિ મેટર | ૩૯૧૧, ૩૯૧૨, ૩૯૬૨, ૩૯૬૩ |
| સમાજ આરસી જાહેરાત | ૩૮૫૧, ૩૮૫૩, ૩૮૫૪ |
| લોન ધિરાણ | ૩૮૮૫, ૩૮૮૯, ૩૮૯૦, ૩૮૯૧, ૩૮૯૨, ૩૮૯૩, ૩૮૯૪, ૩૮૯૫, ૩૯૦૯, ૩૯૨૮ |
| અન્ય | ૩૮૫૦, ૩૮૫૫, ૩૮૫૬, ૩૮૬૩, ૩૮૬૭, ૩૮૮૬, ૩૯૦૦, ૩૯૦૪, ૩૯૨૫, ૩૯૨૯ |

## પસલી યોજના હેઠળ જરૂરિયાતમંદ બહેનોને રોકડ સહાય

શ્રીમતી સમરતબેન પનજીભાઈ શાહ પસલી યોજના હેઠળ સમાજની જરૂરિયાતમંદ બહેનોને મર્યાદિત રકમની રોકડ સહાય આપવામાં આવે છે. સમાજના વૃદ્ધ, અશક્ત, અપંગ, વિધવા, ત્યક્તા અને નિરાધાર બહેનોને રક્ષાબંધનના તહેવાર દરમ્યાન આ રકમ આપવામાં આવે છે. આ અન્વયે દર વર્ષે જે બહેનો આ યોજના હેઠળ લાભ લે છે તે બહેનોના બેન્ક ખાતામાં તે સહાય જમા આપવામાં આવશે. તે સિવાય જે અન્ય બહેનોને આ સહાયનો લાભ લેવો હોય તેઓએ સમાજની ઓફિસે બપોરે ૩-૦૦ થી ૫-૦૦ દરમ્યાન ફોર્મ ભરીને તે સહાય લઈ જવા વિનંતી.

**ખાસ નોંધ :** જે બહેનો દર વર્ષે લાભ છે તેઓએ ફોર્મ ભરવા સમાજની ઓફિસે આવવાનું નથી. જેની નોંધ લેશો.

## સમાજમાં ફોટા મુકવા અંગે

સમાજની ઓફિસમાં ફોટા મુકવાની યોજના અન્વયે ફક્ત ૨ ફોટા આવકાર્ય છે તો જે પણ સભ્યએ પોતાના વડીલશ્રીના ફોટા મુકવા અંગેની ભાવના હોય તેઓ સમાજની ઓફિસે ૦૭૯-૨૬૪૨૫૬૭૦ અથવા તો મો. ૮૨૩૮૦૫૫૫૭૫ ઉપર સંપર્ક કરવા વિનંતી.

## અભિનંદન

તા. ૨ ઓક્ટો.૨૦૨૦ થી શરૂ થયેલ જૈનીઝમ કોર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. કોર્ષમાં જોડાયેલ જિજ્ઞાસુ સભ્યો તરફથી ઉત્સાહપૂર્વક આ કોર્ષમાં જૈનીઝમના કોર્ષ માટે અનુમોદનાના ભાવરૂપે નીચે મુજબ આર્થિક યોગદાન આપવામાં આવેલ છે. જે બદલ સમાજ તે સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.

- રૂા. ૪૧૦૦૦/- શ્રી વિનોદભાઈ શાહ - યુ.એસ.એ.
- રૂા. ૨૫૦૦૦/- એક સદગૃહસ્થ તરફથી - યુ.એસ.એ.
- રૂા. ૧૧૦૦૦/- સ્વ.કંચનબેન સંપ્રીતલાલ શાહના સ્મરણાર્થે.. હ.બિંદુબેન પ્રદીપભાઈ શાહ
- રૂા. ૧૧૦૦૦/- શ્રી મહેશભાઈ ચીમનલાલ સંઘવી

ઉપરોક્ત દાતાઓને ધન્યવાદ અને અભિનંદન.

| ઉમેશ એન.દોશી | હિતેશ બી.સંઘવી | અજય એન.દોશી |
|---|---|---|
| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | માનદ્‌મંત્રીશ્રી |

## સુધારો

**જુલાઈ : ૨૦૨૧ના અંકમાં લગ્નદિવસની શુભેચ્છા**

LH-81 - શ્રી હેમંતભાઈ વાડીલાલ દોશી
શ્રીમતી મીનાબેન હેમંતભાઈ દોશી વાંચવું.

## શ્રદ્ધાંજલિ

(૧) મુ.વાંડલા (સુરેન્દ્રનગર) હા.અમદાવાદ ચેતનભાઈ નગીનદાસ દોશીના ભાઈશ્રી તથા પ્રથમના પિતાશ્રી નિતિનભાઈ નગીનદાસ દોશી તા. ૮-૭-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

(૨) મુ.નાગનેશવાળા હા.અમદાવાદ સ્વ.નિલેશભાઈ, સંજયભાઈ, શૈલેષભાઈ તથા તૃપ્તિબેનના માતુશ્રી વિમળાબેન ધીરજલાલ શાહ તા.૬-૮-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

**સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે...**

## સમાજ સમાચાર

કોરોના મહામારીમાં માર્ચ-૨૦૨૦થી અત્યાર સુધીના સમયગાળામાં આપણા સમાજના સભ્યો કે જેઓની આર્થિક પરિસ્થિતિ નબળી છે અને તેઓના કુટુંબના મુખ્ય સભ્યનું અરિહંતશરણ થયેલ છે તેઓને સમાજ તરફથી રૂા. ૨૫૦૦૦/-ની આર્થિક સહાય કરવી તેમ કારોબારી કમિટીની મીટીંગમાં નક્કી કરવામાં આવેલ છે. આ ઉમદા કાર્યમાં સહાય માટે નીચે જણાવેલ ત્રણ દાતાશ્રીઓ તરફથી આર્થિક યોગદાન મળેલ છે તેઓનો સમાજ અંતઃકરણપૂર્વક આભારી છે.

- એક સદગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦૦/-
- એક સદગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦૦/-
- એક સદગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦૦/-

આ ઉમદા કાર્યમાં સહાય કરવાની ભાવના હોય તો દાતા આવકાર્ય છે. આ અંગે આપ સમાજના ઉપપ્રમુખશ્રી હિતેશભાઈ બી. સંઘવીનો (મો.) ૯૮૨૪૦૬૧૩૩૯ ઉપર સંપર્ક કરવા વિનંતી.

ખાસ નોંધ : સહાય લેનાર પરિવારનું નામ ખાનગી રાખવામાં આવશે.

## આભાર

હાલની કપરી પરિસ્થિતિમાં ઘણા લોકોના ધંધા-રોજગાર બંધ થઈ ગયા છે અને ઘણી આર્થિક તેમજ નાણાંકીય મુશ્કેલીઓ પડી રહી છે તે જોતાં સમાજની બહેનોને રોજિંદા જીવનનિર્વાહમાં સહાયરૂપ થવાના આશયથી શ્રી પંકજભાઈ ઉગરચંદ શાહે અગાઉ ૨ સીવણ મશીન આપેલ છે. હાલ એક બહેનની જરૂરિયાત સામે ફરીથી ૧ સીવણ મશીન સમાજને આપવાની ભાવના જણાવેલ છે. તે બદલ સમાજ તેઓનો આભારી છે.

- અજય એન.દોશી (માનદ્‌મંત્રીશ્રી)



મનનું માન્યું તો મર્યા,
મનને માર્યું તો જીત્યા.

# જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

## સપ્ટેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૧ સપ્ટેમ્બર |
| LI-5 | શ્રી ઇલેશભાઈ પ્રવીણચંદ્ર શાહ |
| LP-123 | શ્રી પરેશકુમાર પ્રવીણચંદ્ર શાહ |
| LSH-37 | શ્રી શ્યામભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| | ૨ સપ્ટેમ્બર |
| LP-70 | શ્રી પ્રવીણચંદ્ર નરોત્તમદાસ શાહ |
| LL-12 | શ્રી લલીતકુમાર કેશવલાલ શાહ |
| LH-86 | શ્રી હર્ષદભાઈ વિનોદરાય શાહ |
| LJ-144 | શ્રી જીગરભાઈ દિતિનભાઈ વેજાણી |
| | ૩ સપ્ટેમ્બર |
| LR-72 | શ્રી રમેશકુમાર રતનશીભાઈ શાહ |
| LB-18 | શ્રી બાબાભાઇ અમૃતલાલ સખીદાસ |
| LBH-8 | શ્રી ભરતકુમાર કાંતીલાલ સંઘવી |
| LSH-38 | શ્રી શ્રેયાંસભાઈ સૂર્યકાંતભાઈ શાહ |
| | ૪ સપ્ટેમ્બર |
| LH-48 | શ્રી હરેશભાઇ જયંતીલાલ સલોત |
| LJ-51 | શ્રી જીગ્નેશભાઇ જયંતીલાલ કોઠારી |
| LSH-41 | શ્રી શૈલેષભાઈ ધીરજલાલ ગોપાણી |
| LDH-38 | શ્રી ધ્રુમિલભાઈ પ્રવિણભાઈ સંઘવી |
| | ૫ સપ્ટેમ્બર |
| LJ-23 | શ્રી જયંતીલાલ ધારશીભાઇ દોશી |
| LA-101 | શ્રી અરુણભાઇ ચંદુલાલ સંઘવી |
| LS-93 | શ્રી સમીરભાઈ ભાઈલાલભાઈ કોઠારી |
| LY-16 | શ્રી યતિનભાઈ હસમુખભાઈ દોશી |
| | ૬ સપ્ટેમ્બર |
| LA-24 | શ્રી અશોકકુમાર રમણીકલાલ શાહ |
| LA-52 | શ્રી અશોકભાઇ રમણલાલ વોરા |
| LBH-33 | શ્રી ભુપેન્દ્રભાઇ પ્રેમચંદભાઇ ગાંધી |
| | ૭ સપ્ટેમ્બર |
| LK-95 | શ્રી કીરીટકુમાર હિંમતલાલ શાહ |
| LR-73 | શ્રી રજનીકાંત હિરાલાલ હકાણી |
| LY-1 | શ્રી યશવંતભાઇ કેશવલાલ દોશી |
| LM-12 | શ્રી મનોજભાઇ શાંતિલાલ વસાણી |
| LM-25 | શ્રીમતી મંજુલાબેન શરદચંદ્ર ગોપાણી |
| | ૮ સપ્ટેમ્બર |
| LR-106 | શ્રી રાજેશભાઇ જયંતીલાલ સખીદાસ |
| LS-71 | શ્રી સુરેશકુમાર ફુલચંદભાઇ શાહ |
| LM-61 | શ્રી મુકેશભાઇ વ્રજલાલ સંઘવી |
| LS-98 | શ્રી સુનિલભાઈ પ્રવીણચંદ્ર દોશી |
| | ૯ સપ્ટેમ્બર |
| LI-7 | શ્રી ઇલેશભાઇ ભરતભાઇ સંઘવી |
| LU-12 | શ્રી ઉદયભાઇ કીર્તીભાઇ સંઘવી |
| LM-82 | શ્રી મુકેશભાઇ રસીલકાન્તભાઇ શાહ |
| LD-81 | શ્રી દિપકભાઈ હિંમતલાલ ગાંધી |
| LR-81 | શ્રી રાજેન્દ્રભાઈ ધીરજલાલ સંઘવી |
| | ૧૦ સપ્ટેમ્બર |
| LA-99 | શ્રી આશિષભાઇ ગૌતમભાઇ સંઘવી |
| LM-109 | શ્રીમતી મંજુલાબેન સૂર્યકાન્તભાઇ સંઘવી |
| LD-85 | શ્રી દક્ષાબેન લક્ષ્મીકાંતભાઈ ગોપાણી |
| LDF-36 | શ્રી ધીરજલાલ નાનચંદદાસ દોશી |
| LBH-89 | શ્રી ભાવનાબેન સંજયકુમાર હકાણી |
| | ૧૧ સપ્ટેમ્બર |
| LDH-30 | શ્રી ધવલભાઈ મહેશભાઈ શાહ |
| LBH-80 | શ્રી ભુપેન્દ્રભાઈ ચંપકલાલ ગાંધી |
| LDH-34 | શ્રી ધવલભાઈ શરદચંદ ગોપાણી |
| | ૧૨ સપ્ટેમ્બર |
| LP-93 | શ્રી પીંકેશભાઇ રસીકલાલ સંઘવી |
| LJ-68 | શ્રી જયેશભાઇ અમીચંદભાઇ દોશી |
| LR-33 | શ્રી રાજીવભાઈ નંદલાલ શાહ |
| LJ-113 | શ્રી જયેશકુમાર નવીનચંદ્ર શેઠ |
| LSH-36 | શ્રીમતી શેફાલીબેન યતિનભાઈ દોશી |
| LS-16 | શ્રી તેજસકુમાર બિપિનચંદ્ર શાહ |
| LH-91 | શ્રી હર્ષિતભાઈ ભરતભાઈ શાહ |
| LV-97 | શ્રી વૈભવભાઈ વિરેન્દ્રભાઈ કોઠારી |
| | ૧૩ સપ્ટેમ્બર |
| LP-95 | શ્રી પ્રકાશકુમાર રસીકલાલ વોરા |
| LJ-59 | શ્રી જયેન્દ્રભાઇ ન્યાલચંદભાઇ શાહ |
| LM-70 | શ્રી મનીષભાઇ મુલચંદભાઇ વેજાણી |
| LA-10 | શ્રી અશોકભાઇ બાપાલાલ શાહ |
| | ૧૪ સપ્ટેમ્બર |
| LBH-11 | શ્રી ભુપેન્દ્રભાઇ જગજીવનદાસ બારભાયા |
| LR-150 | શ્રી ઋતુલભાઈ પ્રકાશભાઈ શાહ |
| | ૧૫ સપ્ટેમ્બર |
| LH-66 | શ્રી હિતેશભાઇ ધીરજલાલ શાહ |
| LJ-63 | શ્રી જીતેન્દ્રભાઇ રમણલાલ શાહ |
| LJ-90 | શ્રી જીગ્નેશભાઇ વસંતલાલ શાહ |



તારું સ્વર્ગ તારી માતાના
ચરણોની નીચે છે.

# સપ્ટેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LBH-73 | શ્રી ભૌમિકભાઈ બીપીનભાઈ દોશી |
| LS-96 | શ્રી સંજયભાઈ કલ્યાણભાઈ શાહ |
| LBH-88 | શ્રી ભાવેશભાઈ રમણલાલ વસાણી |
| | ૧૬ સપ્ટેમ્બર |
| LR-9 | શ્રી રજનીકાન્તભાઈ લક્ષ્મીચંદભાઈ સંઘવી |
| LR-117 | શ્રી રાજકુમાર ચંદ્રકાન્ત વોરા |
| LI-8 | શ્રી ઈલેશભાઈ શાંતિલાલ શાહ |
| LA-47 | શ્રી અનીલભાઈ ધીરજલાલ શાહ |
| LH-90 | ડૉ. હિનાબેન ઉદયકુમાર મહેતા |
| LY-20 | શ્રી યોગેશકુમાર મહાસુખલાલ ગાંધી |
| | ૧૭ સપ્ટેમ્બર |
| LD-23 | શ્રી દિલીપભાઇ કાંતીલાલ શાહ |
| LN-39 | શ્રી નરેન્દ્રકુમાર હરગોવિંદદાસ ગોપાણી |
| LH-10 | શ્રી હિતેન્દ્રકુમાર અમીચંદ સલોત |
| LN-15 | શ્રી નવીનચંદ્ર સુખલાલ શેઠ |
| | ૧૮ સપ્ટેમ્બર |
| LR-126 | શ્રી રાહુલભાઈ ઉદયભાઇ સલોત |
| LS-70 | શ્રી સંજીવભાઇ નંદલાલ શાહ |
| | ૧૯ સપ્ટેમ્બર |
| LN-19 | શ્રી નવીનચંદ્ર ડાહ્યાલાલ બારભાયા |
| LB-12 | શ્રી બીપીનભાઇ બચુભાઇ દોશી |
| LM-94 | શ્રી મુકેશભાઇ ચમનલાલ શાહ |
| LBH-72 | શ્રી ભદ્રેશભાઈ દલીચંદભાઈ શાહ |
| LSH-43 | શ્રી સાહિલભાઈ દિપકભાઈ સંઘવી |
| | ૨૧ સપ્ટેમ્બર |
| LCH-44 | શ્રી ચેતનભાઈ રમણીકલાલ શાહ |
| LN-93 | શ્રીમતી નીતાબેન દીલીપકુમાર ગાંધી |
| LK-55 | શ્રી કૌશિકભાઇ ગુણવંતલાલ વોરા |
| LG-27 | શ્રી ગૌરાંગભાઈ નવિનચંદ્ર શાહ |
| | ૨૨ સપ્ટેમ્બર |
| LCH-36 | શ્રી ચિરાગભાઈ મનહરભાઇ સલોત |
| LJ-1 | શ્રી જયંતીલાલ ભાઇલાલભાઈ સખીદાસ |
| LR-88 | શ્રી રમેશભાઇ ગીરધરલાલ વસાણી |
| LDH-39 | શ્રી ધર્મેન્દ્રભાઈ મનહરલાલ ગાંધી |
| | ૨૩ સપ્ટેમ્બર |
| LR-113 | શ્રી રવિન્દ્રભાઇ ત્ર્યંબકલાલ ગાંધી |
| LG-18 | શ્રી ગીરીશકુમાર શાંતિલાલ શાહ |
| LI-4 | શ્રીમતી ઇલાબેન પ્રફુલ્લચંદ્ર શાહ |
| LR-43 | શ્રી રાજેશભાઇ ભોગીલાલ સંઘવી |
| LN-58 | શ્રી નરેશભાઇ માણેકલાલ શાહ |
| LU-16 | શ્રી ઉમંગભાઈ મહેન્દ્રભાઈ શેઠ |
| | ૨૫ સપ્ટેમ્બર |
| LV-58 | શ્રી વિરેન્દ્રભાઇ કેશવલાલ શાહ |
| LA-33 | શ્રી અશોકકુમાર નંદલાલ સંઘવી |
| LP-117 | શ્રી પિયુષભાઈ ચંદ્રકાંતભાઈ બારભાયા |
| LV-12 | શ્રી વિજયકુમાર અમૃતલાલ વોરા |
| | ૨૬ સપ્ટેમ્બર |
| LN-24 | શ્રી નિતેશભાઇ હિંમતલાલ બુટાણી |
| LN-103 | શ્રી નરેશભાઈ લાલચંદ શાહ |
| LBH-84 | શ્રી ભરતકુમાર ગીરધરલાલ શાહ |
| | ૨૭ સપ્ટેમ્બર |
| LG-16 | શ્રી ગીરીશભાઇ સવાઇલાલ શાહ |
| LJ-10 | શ્રી જયેશભાઇ નગીનદાસ દોશી |
| LK-7 | શ્રી કીરીટકુમાર હિંમતલાલ ધોળકીયા |
| LA-48 | ડૉ. અનુભાઇ કસ્તુરચંદ ગાંધી |
| LR-118 | શ્રી રાજેશભાઈ છોટાલાલ સલોત |
| | ૨૮ સપ્ટેમ્બર |
| LK-43 | શ્રી કીર્તિકુમાર જમનાદાસ દોશી |
| LH-77 | શ્રી હિમાંશુભાઈ વિક્રમભાઈ શાહ |
| LBH-86 | શ્રી ભરતકુમાર દલીચંદભાઈ ગાંધી |
| | ૨૯ સપ્ટેમ્બર |
| LD-58 | શ્રી દીલીપભાઇ રમણિકલાલ શાહ |
| LN-89 | શ્રી નિગમભાઇ મુકેશભાઇ સંઘવી |
| LP-50 | શ્રી પ્રવીણચંદ્ર પ્રાણલાલ દોશી |
| LP-73 | શ્રી પારસભાઇ જયંતીલાલ ગોપાણી |
| LD-37 | શ્રી દીલીપભાઇ ચંદુલાલ દોશી |
| LH-44 | શ્રી હિમાંશુભાઇ મહાસુખલાલ ગોપાણી |
| LJ-14 | શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ દોશી |
| LBH-60 | શ્રી ભાવેશભાઈ જીતેન્દ્રભાઈ શાહ |
| LV-93 | શ્રી વિશાલભાઈ યોગેશભાઈ શાહ |
| LS-120 | શ્રી સેતુભાઈ અરવિંદભાઈ સંઘવી |
| | ૩૦ સપ્ટેમ્બર |
| LS-16 | શ્રી સુભાષચંદ્ર છબીલદાસ શાહ |
| LV-61 | શ્રી વિનોદભાઇ ચુનીલાલ દોશી |
| LL-3 | શ્રી લલીતભાઇ ચિમનલાલ દોશી |
| LA-8 | શ્રી અજયભાઇ નગીનદાસ દોશી |
| LK-149 | શ્રી કેવંતભાઈ અભયકુમાર શાહ |

## સપ્ટેમ્બર માસમાં આવતી લગ્નતારીખની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | ૩૦ સપ્ટેમ્બર |
| LH-94 | શ્રી હાર્દિકભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ |
| | શ્રીમતી બિનલબેન હાર્દિકભાઈ શાહ |

લાભદાયી વસ્તુને ફેંકી દેવી અને
હાનિકારક વસ્તુને પકડવી એ મૂર્ખતા છે.

## SZVS knowledge Series, ઓનલાઈન પ્રોગ્રામ-૮
## 'Post Covid Recovery Through Naturopathy'નો અહેવાલ
## તા. ૨૪-૬-૨૦૨૧ રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ (Dr.Alpa Yagnik)

જય જિનેન્દ્ર.

આપણી KS - Knowledge Seriesના ૮ પ્રોગ્રામ તા. ૨૬-૪-૨૦૨૧ને ગુરુવારે રાત્રે ૮-૩૦ વાગે શરૂ થયો. આ પ્રોગ્રામની શરૂઆતમાં શ્રીમતી લીનાબેન દોશીએ સુંદર રીતે ૫ મીનીટ્સમાં આગળના ૭ પ્રોગ્રામની ટૂંકમાં ઝાંખી આપી.

પ્રોગ્રામ-૧ Life is a Game - Deepak Panya જેમાં Sportsથી Life વિશે સમજાવેલ.

પ્રોગ્રામ-૨ Learn Smart Photography with Smart Phone - Amit Ingle. જેમાં Smart Phoneથી Smart Photographyવિશે ઘણું નવું શીખ્યા.

પ્રોગ્રામ-3 Life Beyond Life - Donate Organ and Become Hero - Dr. Manoj Gumbar. જેમાં Organ Donate કયા અને કેટલા લોકોને બચાવી શકાય તેના વિશે સુંદર રીતે સમજાવ્યું.

પ્રોગ્રામ-૪ કોરોના અને હોમકેર ટ્રીટમેન્ટ - Dr. Swapnil Shah

આ પ્રોગ્રામમાં કોરોના કાળમાં કોરોનાને ઘરેથી કેવી રીતે ટ્રીટ કરી શકાય તેની સુંદર સમજ આપી હતી. જેમાં ૨૫૦ થી વધુ લોકો જોડાયા હતા.

પ્રોગ્રામ-૫ Secure Yourself Digitally - Swapnil Pandya

ઘરેથી થતા ટ્રાન્ઝેકશન અને Computer Usageમાં કેવી રીતે સાવચેતી વર્તવી આની સુંદર સમજ આપી હતી.

પ્રોગ્રામ-૬ Breathing Natural Way - Rita Mehta.

આ કાર્યક્રમ પણ કોરોનાને કેવી રીતે ટાળી શકાય અને Healthy કેવી રીતે રહી શકાય જો સારી રીતે Breathing કરીએ તો.

પ્રોગ્રામ-૭ Ayurveda & Covid Era 2021. - Dr.Ritu Bhardwaj.

આયુર્વેદ તથા Food Style ઉપરથી Covid ને કેવી રીતે ટાળી શકાય અને કેવી રીતે Immune વધારી શકાય તેની સુંદર સમજ આપી હતી.

હવે, આજના કાર્યક્રમ પર આવતા આજે આ Covid Seriesનો લગભગ પાંચમો પ્રોગ્રામ જેમાં 'Post Covid Recovery Through Naturopathy' એટલે કે Naturopathyના Food & Lifestyleથી કેવી રીતે Covid પછી તેમજ Covidથી બચવાના ઉપાયની વાત કરવાની છે.

આની શરૂઆતમાં શ્રીમતી લીનાબેને એક સુંદર Example આપેલ કે કિરણ બેદીએ આપેલ રસપ્રદ સ્ટોરી...

૧ - આપણી હેલ્થ - ૧
૧+૦ - Education- ૧૦
૧+૦+૦ - Job - ૧૦૦
૧+૦+૦+૦ - Wealth - ૧૦૦૦
૧+૦+૦+૦+૦ - Family Lovely- ૧૦૦૦૦

આમ ૧ ની પાછળ ઘણા બધા ૦ ઉમેરતા જાવ તો ભૌતિક સુખો મળતા જાય પરંતુ જો '૧'ને કાઢી નાંખીએ તો શું થાય - કાંઈ ન રહે તો આપણી હેલ્થ સૌથી મહત્વની છે.

આમ, આ પ્રોગ્રામમાં આપણે આપણી હેલ્થ ઉપર Dr.Alpa Yagnik કે જેઓ ખૂબ પ્રખ્યાત Naturopahy Doctor છે અને તેઓશ્રીએ ઘણા બધા પ્રોગ્રામ તથા ૩ બુક Food ઉપર તથા વિવિધ દેશોમાં તેઓશ્રીએ પ્રોગ્રામ આપેલ છે.

આ પ્રોગ્રામની ટૂંકમાં સમજ લઈએ તો

આ પ્રોગ્રામથી

(૧) Ph Balance કરવું જોઈએ જે Naturally શક્ય હોય તો Alkaline કરવી જોઈએ.

(૨) શક્ય હોય તો Weekly એક વખત શરીરને Clean કરવું જોઈએ - Fastingથી પણ થાય.

(3) Balance Food (ખોરાક), હવા લેવાની ટેવ, સૂર્ય-પ્રકાશ લેવાની ટેવ અને ખરીદી કરવાની હોય તો લેબલ લેવાની ટેવ.

(૪) સાત કલરવાળું Food લેવું.

(૫) બે ટેમ્પરેચર ડિફરન્સથી કેવી રીતે શરીર સુધારવું. પાણીની પોતા કે માટીના લેપથી થેરાપી.

(૬) Fasting 8 hr - 16 hr - 24 hrs - Best Science

(૭) ચાવીને ખાવું - Best Health.

અને ઘણું બધું વધારે Detailsમાં સમજ આપી.

આ પ્રોગ્રામથી અમે Take Away Home Messageની શરૂઆત કરી. જે મે પહેલી વખત ઉદાહરણરૂપે આપી.

આખો પ્રોગ્રામ ખૂબ સુંદર રીતે આશરે ૯૫ લોકોએ પહેલેથી છેલ્લે સુધી માણ્યો.

પ્રેષક : શ્રી નિરજ શાહ

